આકાશવાણી, અમદાવાદ

14-08-2026 Midday: 2.30 to 2.35 pm

Friday Regional News

PREZ ADDRESS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ 80-મા સ્વતંત્રતા દિવસની પૂર્વ સંધ્યાએ આજે રાષ્ટ્રને સંબોધિત કરશે. રાષ્ટ્રપતિનું સંબોધન સાંજે સાત વાગ્યે આકાશવાણીની તમામ રાષ્ટ્રીય ચૅનલ પર પ્રસારિત કરાશે. આ સંબોધન દૂરદર્શનની તમામ ચૅનલ્સ પર હિન્દીમાં પ્રસારિત થશે. ત્યારબાદ રાષ્ટ્રપતિનાં સંબોધનનું અંગ્રેજી સંસ્કરણ પણ પ્રસારિત કરાશે. દૂરદર્શન પર હિન્દી અને અંગ્રેજીમાં સંબોધનનાં પ્રસારણ બાદ તેનું પ્રાદેશિક ભાષાઓમાં પ્રસારણ દૂરદર્શનની તમામ પ્રાદેશિક ચૅનલ પર કરાશે.

AMRELI CM PATEL

અમરેલીમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આવતીકાલે રાજ્યકક્ષાના 80-મા સ્વતંત્રતા દિવસની ઉજવણી કરાશે. આ પહેલા મુખ્યમંત્રીએ આજે અમરેલીમાં પૌરાણિક શ્રદ્ધાધામ શ્રી નાગનાથ મહાદેવ મંદિરમાં દર્શન-પૂજા કરી રાજ્યની સુખ-સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી.

ઉપરાંત તેમણે સાવરકુંડલા રોડ પર અમરેલી નગરપાલિકા સંચાલિત આશ્રયઘરના પરિસરમાં વૃક્ષારોપણ કરી પ્રકૃતિ સંરક્ષણનો સંદેશ આપ્યો. આ પ્રસંગે તેમણે ડિસ્ટ્રીક્ટ મિનરલ ફાઉન્ડેશન યોજના હેઠળ ચાર કરોડ રૂપિયાના ખર્ચે ગ્રીન અમરેલી, ક્લિન અમરેલીની નેમ સાકાર થશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

AMRELI EXHIBITION

સ્વાતંત્ર્ય દિન નિમિત્તે અમરેલીમાં યોજાનાર શસ્ત્ર પ્રદર્શનને આજે ઉર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરીયાએ ખુલ્લુ મૂક્યું. તેમાં ગુજરાત પોલીસના ચેતક કમાન્ડો ફોર્સના અત્યાધુનિક શસ્ત્રો તેમજ ઉપકરણો પ્રદર્શન અર્થે મૂકવામાં આવ્યા છે. સમર્થ વ્યાયામ મંદિરના મેદાનમાં યોજાનાર આ શસ્ત્ર પ્રદર્શન અમરેલીવાસીઓ 16 ઓગસ્ટ સુધી નિહાળી શકશે.

## TIRANGA YATRA OVERALL

દેશભરમાં 80-મા સ્વતંત્રતા દિવસના પર્વની ઉજવણીના ભાગરૂપે “હરઘર તિરંગા અભિયાન” અંતર્ગત ત્રિરંગા યાત્રાઓ યોજાઈ રહી છે. ત્યારે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આજે આણંદમાં વલ્લભવિદ્યાનગર ખાતે ત્રિરંગા યાત્રામાં જોડાયા હતા. આ પ્રસંગે તેમણે ત્રિરંગા યાત્રાને દેશની એકતા અને અખંડિતતાને ઉજાગર કરતા ત્રિરંગાનું ગૌરવ ગણાવી. સાથે જ શ્રી સંઘવીએ રાષ્ટ્રધ્વજને કરોડો દેશવાસીઓનું ગૌરવ અને સ્વાભિમાન ગણાવ્યો.

બનાસકાંઠાના દિયોદરમાં ધારાસભ્ય કેશાજી ચૌહાણની અધ્યક્ષતામાં ઠાકોર બોર્ડિંગ ખાતેથી શરૂ થયેલી ત્રિરંગા યાત્રા શહેરના વિવિધ માર્ગ પર ફરી પોલીસમથક પહોંચી હતી. શહેરના અનેક સ્થળ પર લોકોએ ત્રિરંગા યાત્રાનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું. દેશના 80-મા સ્વતંત્રતા દિવસ અને રાષ્ટ્રગીત વંદે માતરમ્-ની દોઢ સોમી વર્ષગાંઠ દરમિયાન યોજાયેલી ત્રિરંગા યાત્રામાં રાષ્ટ્રભક્તિનો માહોલ જોવા મળ્યો.

છોટાઉદેપુરમાં વરસાદ વચ્ચે પણ શ્રી બબલભાઈ મહેતા આશ્રમશાળા, ઉત્તર બુનિયાદી આશ્રમશાળા તથા મંગલભારતી લોકશિક્ષણ અને કૃષિ મહાવિદ્યાલયમાં ત્રણેય વિભાગમાં વરસાદ વચ્ચે યોજાયેલી ત્રિરંગા યાત્રામાં મોટી સંખ્યામં વિદ્યાર્થીઓ જોડાયા.

## IMP ANNOUNCEMENT

એક અગત્યની જાહેરાત

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ સ્વતંત્રતા પર્વની પૂર્વસંધ્યાએ આજે સાંજે સાત વાગ્યે રાષ્ટ્રને સંબોધિત કરશે. તેના કારણે આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી આજે સાંજના પ્રાદેશિક સમાચાર 7.10 વાગ્યાની જગ્યાએ 5.45 વાગ્યે પ્રસારિત કરાશે.

જ્યારે આવતીકાલે સવારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી લાલ કિલ્લા પરથી રાષ્ટ્રને સંબોધિત કરશે. તેના કારણે સવારના પ્રાદેશિક સમાચાર 7.10 વાગ્યાની જગ્યાએ 6.45 વાગ્યે પ્રસારિત કરાશે.

## RAJYAPAL BOTAD VISIT

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે બોટાદમાં ગોરડકા ગામમાં પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાત લીધી. વહેલી સવારે સ્થાનિક ખેડૂત અલ્પેશ કળથિયાના ખેતરમાં પહોંચી રાજ્યપાલશ્રીએ પંચસ્તરીય મૉડેલમાં ઉભા વિવિધ પાકનું નિરીક્ષણ કર્યું. તેમણે ખેડૂતો સાથે વાતચીત કરી તેમને ગાયનું દૂધ દોહી ગૌઆધારિત પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવ્યું હતું. સાથે જ રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતી અપનાવી જમીનની તંદુરસ્તીની સાથે ખેતીની આવક વધારવા ખેડૂતોને આહ્વાન કર્યું.

## WEATHER FORECAST

રાજ્યમાં હાલ છ પ્રણાલિ સક્રિય હોવાથી વરસાદી માહોલ જોવા મળ્યો છે. દરમિયાન વાવ-થરાદ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, દાહોદ, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં ભારે વરસાદને લઈ યલો અલર્ટ અપાયું છે. જ્યારે તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં આવતીકાલે માટે વરસાદનું યલો અલર્ટ રહેશે. જ્યાર આજે અને 16 તથા 17 તારીખે માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ હોવાનું હવામાન વિભાગ અમદાવાદના પ્રાદેશિક નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.